# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

**પરિપત્ર :–**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવામાં આવે છે કે ગુજરાત સરકાર દ્વારા ધોરણ–૧૨ની માન્ય બોર્ડની વર્ષ :૨૦૧૮ની પરીક્ષામાં પાસ થયા બાદ ગુજરાત રાજયમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી ભાઈ–બહેનો માટે રૂા.૧૦૦૦/–ના ટોકન દરે ટેબલેટ આપવાની મહત્વી યોજના અમલમાં મુકેલ છે જે આપને વિદિત છે. આ યોજના અંતર્ગત ધોરણ–૧૨ પાસ અને ગુજરાત રાજયમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમના પ્રથમ વર્ષ ૨૦૧૮–૧૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ સરળતાથી મળી રહે તે માટે આપની સંસ્થા દ્વારા ટેબલેટ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ પાસેથી ટોકન રૂા.૧૦૦૦/– મેળવી સંસ્થાદીઠ વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવા તથા વિદ્યાર્થીઓની સંખ્યા સુનિશ્ચિત કરવા સત્વરે વ્યવસ્થા કરવા વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે આપની કક્ષાએથી વિદ્યાર્થીઓનું નીચે દર્શાવેલ લીંક દ્વારા રજીસ્ટ્રેશન કરાવવાનું રહે છે તેમજ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને રૂા.૧૦૦૦/– ટોકન ફી ભર્યા અંગેની પહોંચ આપવાની રહેશે.

કોલેજ દ્વારા રજીસ્ટ્રેશન કરવા માટેની લીંકઃ https://www.digitalgujarat.gov.in/LoginApp/SJEDLogin.aspx

I/c કુલસચિવ

નં. : બીકેએનએમયુ/એકેડેમિક/૧૩૭૬/૨૦૧૮–૧૯
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જૂનાગઢ.
તા.૦૫/૦૯/૨૦૧૮

**પ્રતિ,**
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના :–**
૧. માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ...

**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧.આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)